Barcode - 99999990835730
Title - Imamno mahan fatavo alemani sahino.
Subject -
Author -
Language - gujarati
Pages - 8
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 083573

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक दर्शांक

पुस्तकनु नाम

विषय

# ઇમામતનો મહાન ફતવો

## ૬૦ આલેમોની સહીનો.

દીનના આલેમો આ મસઅલામાં શું ફરમાવે છે કે બે સગા ભાઇયો એક મોટો અને એક નાનો, પોતાની મા સાથે એકજ ઘરમાં ( કે જે ઘર તેવણના મરહૂમ બાપનુ રૂપીઆ રોકડા દઇ ખરીદેલું હતું, અને તેને કંઇ અમુક કારણસર મરહૂમ બાપે ( તેજ ભાઇયોની ) માના નામ-પર ચઢાવી દીધું હતું ), પેદા થયા ત્યારથી સાથે રેહતા હતા. માને મજકુર બંને ભાઇયોની ઓરતો સાથે ( તામશી સ્વભાવ હોવાને લીધે ) અણબનાવ હમેશ રેહતો. છેલ્લે એક દિવસે મોટા છોકરાની ઓરત સાથે કઇ કંકાસ થઇ ગયો તેથી કરીને મોટા છોકરાને માએ કહ્યું કે તારી વહુને લઇને તું ઘર છોડી ચાલ્યો જા. તેણે કહ્યું કે આ ( મારા ) બાપ મરહૂમનું ઘર છે હું એને છોડી કેમ ચાલ્યો જાઉં ? ત્યારે માએ કહ્યું કે આ મારૂ છે, તારા બાપનુ નથી, અને હું તને મારી સાથે રાખવા માંગતી નથી, તું ચાલ્યો જા.

ત્યારે મોટા છોકરાએ મકાન નહિ છોડવાને ઘણી તકરાર માની સાથે કીધી. પણ માએ તેની વાત તરફ કંઇ પણ ધ્યાન નહિ દેતાં તેને કાઢી મુકવાનીજ હઠ લીધી, છેવટે બે ત્રણ સારા માણસોના કેહવાથી છોકરાએ ( પોતાની ) માનું તે મકાન ખાલી કરી દીધું અને ભાડાના મકાનમાં જઇ રહ્યો. જેને લગભગ ત્રણ વરસ થવા આવ્યા.

એ મુદ્દત દરમ્યાન કેટલાક ભરોસેદાર સાધનોથી મોટા છોકરાને ખબર પડી કે માની પાસે રૂ૦ બે ત્રણ હજારની પુંજી છે અને ઘર કે જે આજની હાલત મુજબ રૂપીઆ ૭ સાત હજારની કિંમતનું થવા જાય છે તે સઘળાંને પોતાને કબજે લેવા નાનો છોકરો માને ફોસલાવી રહેલો છે. અને તેટલાજ માટે ઓરતોની સાધારણ તકરારને લીધે તેણે મો. છોકરા ( પોતાના મોટા ભાઇને માને ઉસકેરી ) ઘરમાંથી બહાર કાઢી મુકાવ્યો.

વળી મરહૂમ બાપનાં ઘરનાં રાચરચીલાં અને [illegible] અને ઘર કે જેમાં મોટા છોકરાનો વારસો પોંહચે છે તે સઘળાંને મા અને ( તેણીનો ) નાનો છોકરો પોતાના કબજામાં લઇ બેઠાં છે. વળી માને દરસે બસો અઢીસો રૂપિઆની આમદની છે જે વડે તે પોતાનું ગુજરાન ચલાવે છે. નાનો છોકરો પણ નોકરી કરે છે અને મા સાથે રહે છે.

મોટા છોકરાને કાઢી મુક્યો ત્યારથી કદીપણ તેણીએ પોતાને ત્યાં બોલાવ્યો નહીં, પણ વળી મના કરે છે કે તે મારે ત્યાં કદી આવે નહીં, તેથી કરીને મોટો છોકરો પણ તેણીને ત્યાં ગયો નહીં. અને ત્રણ વરસ થયાં તે ( મોટો છોકરો ) એક મસીદમાં ઇમામતની નોકરી કરી પોતાનું ગુજ…

હવે કેટલાક દિવસ થયા એક માણુસ સાથી કંઇ તકરાર થઇ જવાથી તે માણુસે એક મસઅલો ગુજરાતીમાં છપાવી બહાર પાડયો છે કે જે માણુસે પોતાના માબાપ અથવા બનેમાંથી એકની નાફરમાની કરે તો તેની પાછળ નમાઝ પઢવી જાયઝ નથી, અને તેને ઇમામતની નોકરીમાંથી કાઢી મુકવું જોઇએ; નહિતો સઘળા માણુસોની નમાઝ બાતેલ જશે.

હવે સવાલ એ છે કે આ મોટો છોકરો કે જેને ત્રણ વરસ થયાં (તેની) માએ ઘરમાંથી કાઢી મુકયો છે-અને ઇમામતની નોકરી કરે છે અને પોતાનું ગુજરાન ચલાવે છે શું તે માબાપથી નાફરમાની કરનારો ગણાશે અને શુ તેની પછાડી નમાઝ જાયઝ થશે નહી ? અગરજે (એ કકાસ થયા પછી) એક વખતે (એમ બન્યું છે કે) ત્રણ ચાર આબરૂદાર સદ્‌ગૃહસ્થોને લઇ મચકુર મોટો છોકરો (જનાબ) મૌલવી ગુલામ મોહંમદ સાહેબ રાંદેરવાળાને ઘેર (રાંદેરમાં) ગયો અને તેણે જણાવ્યુ કે તમો તમામ સાહેબોની રૂબરૂ હુ મારી માં પાસે (મારા કસુરો બાબત) માફી ચાહુ છુ. મૌલવી સાહેબ ઘણા ખુશ થયા પોતે તેની માને બોલાવવા ગયા પણ મોટા છોકરાની (મચકુર) મા આવી નહી. મૌલવી સાહેબ પાછા આવ્યા અને પોતાની બેનને તેડવવા મોકલી ત્યારે પણ તેણી આવી નહી. હવે જે માણુસે ખાનગી દુશમનીને લીધે આ મસઅલો કાઢયો અને ફિસાદ જગાડયો તેને માટે શો હુકમ છે. જાહેર ફરમાવો. (ખોદાપાક તરફથી) એનો બદલો તમને દેવામાં આવશે.

---

# જવાબ.

મચકુર હાલતમા મોટા છોકરાનો કઇ પણ ગુન્હો નથી. હકથી વધવું અને બીજાના હકમાં નુકસાની પોંહચાડવી એ બને કામો મા અને નાનાભાઇની સાથે સબંધ ધરાવે છે. અને સગપણ તોડવાનો ગુન્હો તે બનેપર છે. જે ઘર મરહૂમ બાપે રોકડે રૂપિએ ખરીદેલું હતું અને કઇ અસલત દાખલ તે, (દિ રાઓની) માના નામપર ચઢાવી દીધું હતું તે બાપનીજ મીલકત છે તેમાં મા અને (તેણી બન્ને છોકરાના હિસ્સા છે (અને તેથી તે સઘળાં) તેનાં માલેક છે. હક નહોતો અને, આ ...ના જોડેલાં રાચરચીલાં, લુગડાં, અને કિતાબોઆંશવા કંઇ પણ નહીં દેવાતે.. હક નહોતો એતા મોટા છોકરાના હકનું નાશ કરવામાં આવ્યું છે.

મતલબ એ કે તે મોટા છોકરા પછાડી નમાઝ પઢવી દુરુસ્ત છે અને તે (મોટા છોકરા)ની ઇમામત કોઇપણ તરેહની કરાહત વગર જાયઝ છે. તે (પોતાની) માનો નાફરમાન થઇ શકતો નથી. હદીસ શરીફમાં છે કે "ખુદાપાકના ગુનેહગાર થવાય તેવા કામમાં બંદાઓની તાબેદારી કરવાની નથી" અને જે માણુસે ફિત્નો ઉઠાવવા વાસ્તે એવો સવાલ ઉભો કીધો કે જેથી પેલા ગરીબ મોટા છોકરાની ઇમામત નાજાયઝ સાબેત થાય અને તેણુ જુંઠી તોહમત મુકી અને સાચી વાત સતાડી તે મોટો ગુન્હેગાર અને ફાસેક છે ફકત.

---

## દેવબંદના આલેમોની સહીઓઃ—

૧ મુફ્તી અઝીઝર રહમાન સાહેબ ૨ મૌલવી મોહંમદ હસન સાહેબ
૩ મૌલવી ગુલામ રસુલ ,, ૪ ,, ગુલ મોહંમદ ,,
૫ ,, સલાહ અહમદ રશીદી ,,
આ જવાબ જે મુફ્તી સાહેબે લખેલો છે તે તદ્દન ખરો છે.
૬ મૌલવી મોહંમદ યુસુફ સાહેબ
૭ મૌલાના મહમુદ હશન સાહેબ સદર મુદરરિસ દારૂલઉલુમ દેવબંદ

---

## દિલ્લીના આલેમોની સહીઓઃ—

૮ મૌલવી મોહંમદ કાઝિમ અલી સાહેબ } મદરસએ ફતેહપૂરી.
૯ ,, મોહમદ ઇબ્રાહીમ ,, }

---

મચકુર હાલતમાં જાહેર છે કે ખરૂં જોતા ( છોકરાઓના ) બાપને ( પોતાની ઓરતને મચકુર ઘરની ) માલેક બનાવી દેવી મંજુર હતુ નહીં. પણ એમજ નામને માટે ( છોકરાઓની ) માના નામપર ચઢાવી દેવામા આવ્યુ હતુ દરેક હાલતમા ખરેખર તે ઘર ( મચકુર ) બને છોકરાઓના બાપની મિલકત ( સાબેત થઇ અને તેવણના ગુજરી ગયા પછી ( તેવણના ) બંને છોકરા અને ( તે બને છોકરાઓની ) મા તેના માલેક થયા. ( તેથી કરીને ) પોતાના ભાગથી વધારે નાના છોકરાને અર્પણ કરવુ માને કદી પણ જાયઝ નહોતું અને શરીઅતમાં એવી રીતે અપંણુ કરવુ જાયઝ પણ નથી તેમજ નાના છોકરાને પણ આવા જુલમમાં જુલમી કામમા શામેલ થવું જાયઝ નહોતું. મોટા છોકરાને તેના બાપ તરફથી જે વારસો મલવાનો હતો તેનાથી તેને દુર કીધો એ કામ નાના છોકરા અને માએ ઘણું જુલમનું કીધુ.

અને બાપે જો ખરેખરે તે ઘરનું માલકીપણું બંને છોકરાની માના નામપર કીધું હોય તો ( શરીઅતથી ) એવી રીતે માલેક બનાવવું જાયઝ નથી, પણ જુલમ છે અને ( ઘરનું ) સમ ... વિગેરે જે મરહૂમ બાપે પોતાની પાછલ મુકયુ તેને માટે તો મા અને નાના છોકરા તરફથી કાઇ પણ તરેહનો ઉત્તરનો જવાબ ( થઇ શકતોજ ) નથી. તેમાથી પણ મોટા છોકરાને કઇ નહીં દેવામાં આએ અને ( તેણીના ) ... છોકરાએ પૂરો હદથી વધારે જુલમ કીધો છે. એવીજ રીતે મચકુર બંને ( છોકરાઓ ) ના બાપે જે નગદ માલ છોડયો હતો તેમાં પણ મોટા છોકરાનો ભાગ છે.

આ હદથી વધારે જુલમ ઉપરાંત જે નાના છોકરા અને તેની માએ કીધો છે. બીજો ગુન્હો તેઓએ સગપણ તોડવાનો કીધો છે ત્યારે મચકુર હાલતોમાં મોટા છોકરાનો કઇ પણ ગુન્હો નથી. શરીઅત મુજબ તો ગુન્હેગાર નાનો છોકરો અને તેની મા છે. અને અગરજો મોટો છોકરો ગુન્હેગાર ત્રહી હતો છતાં તે ( પોતાની મા પાસે ) માફી માંગવા ગયો, અને ભલામણો કરાવી, ( છતાં ) તેની મા રાજી થઈ નહીં. આ સગપણ તોડવા ( નાગુન્હા ) નો બોજો પૂરેપૂરી રીતે નાના છોકરા અને તેની માપર છે. કેયામતને દહાડે એની સજા તેઓને ખમવી પડશે અને

તેથી કરીને નાનો છોકરો અને તેની મા આ હકનો નાશ કરવાથી અને જુલમ કરવાથી તેમજ મગપણુ તોડવાથી બહુ મોટા ગુન્હેગાર છે, અને મોટા છોકરાને માથે શરીઅતથી કંઇ પણુ આરોપ નથી, તેથી તેની ઇમામત કોઇ પણુ તરેહની કરાહત વગર જાયઝ છે, કેમકે શરીઅત મુજબ તે પોતાની માનો નાફરમાન ( છોકરો ) નથી

---

## સહાનપુરના આલેમોની સહીઓઃ—

| | | |
|---|---|---|
| ૧૦ મુફતી ઇનાયત ઇલાહી સાહેબ | ૧૧ મૌલાના ખલીલ અહમદ સાહેબ સદર મુદરરિસ | મદરસએ મઝાહેરૂલ ઉલુમ |
| ૧૨ મૌલવી ઝફ્ફર અહમદ ,, | ૧૩ મૌલવી સાબેતઅલી ,, | |
| ૧૪ ,, મોહમદ યહયા ,, | ૧૫ ,, મોહમદ ઇલ્યાસ ,, | |
| ૧૬ ,, અબ્દુલ કાદિર ,, | | |

---

## દિલ્લીના આલેમોની સહીઓઃ—

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭ મૌલવી | મોહમદ મીયા | સાહેબ | મદરસએ | હુસૈનીયા |
| ૧૮ ,, | મોહંમદ આલમ | ,, | ,, | ફતેહપુરી |
| ૧૯ ,, | મોહમદ મુરસલ | ,, | ,, | નોઅમાનીયા |
| ૨૦ ,, | મોહમદ મીયા | ,, | ,, | હુસૈનબખ્શ |
| ૨૧ ,, | મોહમદ નસીમ અહમદ | ,, | ,, | ,, |
| ૨૨ ,, | અબ્દુલ મલેક | ,, | ,, | ફતેહપુરી |
| ૨૩ ,, | સૈફ્ર રહમાન | ,, | ,, | ,, |

---

જો એમ સાબેત થઇ જાય કે બાપે માત્ર નામનેજ માટે ઘર (છોકરાઓની) માને નામે ચઢાવી દીધુ હતુ તો તે ઘર બાપની પાછળ છોડેલી મીલકત ગણાશે.

૨૪ મૌલવી મોહંમદ યુસુફ સાહેબ મદરસએ નોઅમાનીયા.

૨૫ ,, અબ્દુર રશીદ ,, ,, ,,

જો મઝકુર ઘર (માને) દીધેલુ નહીં સાબેત થાય તો મોટો છોકરો પણુ તેમાં ભાગ્યો થશે હવે ઇમામતની બાબત રહી તો ઇમામત તેવણુની વગર કરાહતે જાયઝ છે, જેવી રીતે કે સવાલ અને જવાબ લખનારના લખાણુથી જાહેર છે.

૨૬ મૌલવી અબ્દુલ રહમાન સાહેબ મદરસએ મૌ. અબ્દુર રબ સાહેબ

---

જ્યારે મોટા છોકરાએ પોતાની મા પાસે માફી માંગી ત્યારે તે કોઇ પણુ રીતે ગુનેહગાર નથી અને તેની ઇમામતમાં કોઇ પણુ તરેહની કરાહત નથી અને જ્યાં સુધી એ બાબત સાબેત નહી

થાય કે તેના બાપે તે ઘર તેની માના નામપર એમજ નામનું ચઢાવી દીધુ હતું. અને તેના અપણુ અર્થે બંને તરફથી કબુલાત થઇ હતી નહી મોટો છોકરો તે મકાનમાં વારેસ થઇ શકતો નથી.

૨૭ મૌલવી મોહમદ શફી સાહેબ મદરસએ મૌ. અબ્દુર રબ સાહેબ
૨૮ ,, ઇનઝાર હુસેન ,, ,, અમીનીયા
૨૯ ,, મોહંમદ કાસિમ ,, ,, ,,
૩૦ ,, ઝીયાઉલહક ,, ,, ,,

---

જો (મઝકુર) સવાલ ખરો હોય અને બનાવો એવીજ રીતે બનાવેલા હોય તો તેનો જવાબ એજ છે કે મુફતી અઝીઝુર રહમાન સાહેબે લખ્યો છે પણ જો બનાવો એવી રીતે બન્યા નહીં હોય તો એ જવાબ તે બનાવોની સાથે સબંધ ધરાવશે નહીં.

૩૧ મુફતી મોહમદ કિફાયતુલ્લાહ સાહેબ મદરસએ અમીનીયા.

---

હું પણ મુફતી મોહંમદ કિફાયતુલ્લાહ સાહેબના લખાણુને ટેકો આપું છુ. સવાલ કરનાર જો સાચુ બોલતો હશે તો આ જવાબ તેને લાયક છે નહીંતો જવાબ લાગુ પડશે નહીં.

૩૨ મૌલવી મોહમદ અમીન સાહેબ મદરસએ અમીનીઆ દેહલી.

---

## રામપુરના આલેમોની સહીઓઃ—

૩૩ મૌલવી અશફક અહમદ સાહેબ મદરસએ અનવારૂલ ઉલુમ
૩૪ ,, ગુલામ મોહમદ ,, ,, ,,
૩૫ ,, હબીબશા ,, ,, ,,
૩૬ ,, મોહંમદ અલી ,, ,, ,,

---

મઝકુર હાલતમાં જેને માટે સવાલ પુછવામાં આવ્યો તેનો કોઇપણુ શરઇ ગુન્હો જણાતો ન્થી, તેથી તેની ઇમામત કોઇ પણુ રીતે મકરૂહ સાબેત થતી નથી.

૩૭ મૌલવી મોહમદ ફઝલે હક સાહેબ મદરસએ આલીયા

---

પુછેલા સવાલની બનેલી બીનામા જો ખરેખર મોટા છોકરાની તરફથી કોઇ ગુન્હો અને શરીઅત પ્રમાણે મા બાપના હકમા કઇ ગુન્હો નહીં થયો હોય તો મઝકુર છોકરો ગુન્હેગાર નથી, અને તેની પછાડી નમાઝ પણ કોઇ પણ તરેહની કરાહત વગર જાયઝ છે. સવાલમાં બયાન થયલુ ઘર જો ધણીના તરફથી ઓરતને કબજા સાથે, અથવા વેચાણ દાખલ, અથવા મેહેરના બદલામાં ખરેખર દઇ દેવામાં નહિ આવેલુ હોય અને માત્ર નામનોજ એવો બદોબસ્ત કરવામાં આવ્યો હોય, તો એવો નામના બદોબસ્તની સાબેતી કરવામાં આવે ત્યારે મઝકુર ઘર મરહુમ બાપની પાછળ છોડેલી માલ મિલકતમાં ગણાશે, અને તેથી ઊલટુ વરતવુ જુલમ ગણાશે.

૪૦ મૌલવી મોહમદ મુનાવર અલી સાહેબ મદરસએ આલીયા

૪૧ ,, કાઝિમ મોઅલ્લેમુદ્દીન (નામ બરાબર વચાતુ નથી) ,,

---

## મીરઠના આલેમોની સહીઓઃ—

૪૨ મૌલવી મોહમદ ઇસહાક સાહેબ મદરસએ ઇસલામીયા

૪૩ ,, યુસુફઅલી ,, ,, ,,

---

હઝરત મોલાના અઝીઝુર રહમાન સાહેબ મુફતીએ દેવબંદ અને મોલાના કિફાયતુલ્લાહ સાહેબ મુદરરિસ મદરસએ અમીનીયા દિલ્હી એ બંને સાહેબોએ જે લખ્યુ છે તે ખરૂ છે.

૪૪ મૌલવી કિફાયતુલ્લાહ ગંગોહી સાહેબ મદરસએ ઇસલામમીયા અંદરકોટ

---

## ગિલોટી (ઝીલ્લા) બુલંદ શેહેરના આલેમોઃ—

૪૫ મૌલવી કરીમ બક્ષ સાહેબ મદરસએ ઇસલામીયા

૪૬ મોહઇયુદ્દીન અહમદ ,, ,, ,,

---

## રામપુરના આલેમોની સહીઓઃ—